# ભારતીય હોમગાર્ડ

ભારતીય હોમગાર્ડ એ ભારતીય પોલીસની સહાયક એવી એક સંસ્થા છે જે કોઈપણ પ્રકારની કટોકટીમાં સમુદાયમાં વ્યવસ્થાને લાગુ કરવા અને તેને જાળવવા માટે જવાબદાર છે. હોમગાર્ડની મુખ્ય ફરજોમાં આવશ્યક સેવાઓની જાળવણીમાં મદદ કરવી, સાંપ્રદાયિક સૌહાર્દને પ્રોત્સાહન આપવું, નબળા વર્ગોના રક્ષણમાં વહીવટીતંત્રને મદદ કરવી, સામાજિક-આર્થિક અને કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં ભાગ લેવો અને નાગરિક સંરક્ષણને લગતી ફરજો બજાવવાનો સમાવેશ થાય છે.

## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે દેશની સેવા કરવા અને શૌર્ય પ્રદર્શિત કરવા માટે ઉત્સુક છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને પસંદ છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૨૫,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in**ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.



## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. હોમગાર્ડ કોન્સ્ટેબલની પરીક્ષા પાસ કરો.

૩. ત્યારબાદ શારીરિક અને તબીબી પરીક્ષણ પાસ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ભારતીય હોમગાર્ડનું માસિક વેતન **રૂ. ૯,૦૦૦ થી ૧૨,૦૦૦*** જેટલું અથવા તેથી વધુ હોય શકે છે.

સ્રોત: https://www.ncs.gov.in/content-repository/Pages/ViewNcoDetails.aspx?

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે શહેરી અને ગ્રામીણ ક્ષેત્રોમાં હોમગાર્ડ તરીકે નોકરી મેળવી શકો છો જે પોલીસને મદદ કરે છે અને સહાયક સેવાઓ પૂરી પાડે છે. તમે સરહદી રાજ્યોમાં બોર્ડર વિંગ હોમ ગાર્ડ તરીકે પણ કામ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ અમલમાં છે. તમારી પાસેથી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. મોટા ભાગે બહારની કામગીરી કરવાની રહે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી હોમગાર્ડ → હોમગાર્ડ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

હોમગાર્ડ પોલીસ, નાગરિક પોલીસ, બધા માટે પોલીસની નોકરી, પોલીસની નોકરી

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**સમગ્ર ભારતમાંની તમારી પસંદગીની સરકારી અથવા ખાનગી શાળાઓમાંથી ધો. ૧૨ પૂર્ણ કરો.**

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**કે. રાધા** - કેરળના પ્રથમ મહિલા હોમગાર્ડ અધિકારી કે.રાધાએ કેરળની પ્રથમ મહિલા આઈ.પી.એસ. અધિકારી આર. શ્રીલેખા સાથે મીટિંગ ગોઠવીને કેરળમાં મહિલા હોમગાર્ડ અધિકારીઓનું સમર્થન કર્યું અને તેમાં સફળતા પ્રાપ્ત કરી.*

સ્રોત:newindianexpress.com/states/kerala/2020/nov/05/kasaragod-first-to-get-woman-home-guard-2219486.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.